

## ઉનાવા ગામમાં ચૈત્રી નવરાત્રીના ગરબામાં માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર શહેર નજીક આવેલ ઉનાવા ગામ ખાતે ચૈત્રી નવરાત્રી નિમિતે ગોગા મહરાજ તથા વહાણવટી સિકોતર માતાજીના મંદિર ખાતે ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ નોરતાથી ભાવિ ભકતો મોટીસંખ્યામાં ગરબે ઘુમીને માતાજીની આરાધના કરે છે. ત્યારે સાતમના દિવસે માતાજીના ચાંચર ચોકમાં ગરબાની રમઝટ જામી હતી. ભકિત અને શકિતના પર્વની ઉજવણીમાં ઉનાવા ગામે આયોજીત ગરબામાં હજ્જારો ભકતો ગરબે ઘુમતા નજરે પડ્યા હતા. જયારે ગોગા મહારાજ તેમજ શ્રી વહાણવટી સિકોતર માતાજીના દર્શન કરવા માટે અને ગરબા નિહાળવા માટે પણ આસપાસના ગામમાંથી દરરોજ રાત્રે ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહે છે.

# શ્રી રામ સેવા સમિતિ મહેસાણા દ્વારા શ્રી રામનવમી વિશાળ રથયાત્રા યોજાઈ

મહેસાણા, તા. ૨૫

મહેસાણા શહેરમાં શ્રી રામ સેવા સમિતિ મહેસાણા દ્વારા ૩૭ મી રામનવમી વિશાળ રથયાત્રાનું



પ્રસ્થાન નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે કરાવ્યું હતું. મહેસાણા શહેરમાં ૧૯૮૨થી શોભાયાત્રા-રથયાત્રાનો પ્રારંભ થયો છે. રામનવમીના પવિત્ર અને કલ્યાણકારી દિવસે શ્રી રામચંદ્રજીની ૩૭મી રથયાત્રાનો પ્રારંભ સાધુ સંતો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યો હતો.

રામનવમી રથયાત્રા પ્રસ્થાન પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની ગૌરવવંતી રથયાત્રા રાષ્ટ્રીય અને ભાવનાત્મક એકતાને સુદઢ બનાવી રહી છે. જિલ્લાની સમગ્ર જનતાને જોડનાર કડી સ્વરૂપ યોજાતો ઉત્સવ સામુહિક સમાજનો ઉત્સવ બન્યો છે. રાજ્યના ખુણે-ખુણામાં મહેસાણા જિલ્લાની રામનવમી રથયાત્રાનું નામ ગુંજતુ થયું છે તેમ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે શ્રીરામ ભગવાનનો જન્મોત્સવ ભારતમાં ઠેર ઠેર ધામધૂમથી ઉજવાય છે. કારણ કે તેમના જન્મથી અને જીવનથી રાષ્ટ્રને માર્ગદર્શન મળ્યું છે. કૌટુંબિક, સામાજિક, નૈતિક તેમજ રાજકીય 'મર્યાદા'માં રહીને પણ 'પુરુષ' 'ઉત્તમ' શી રીતે થઈ શકે એ મર્યાદા-પુરુષોત્તમ શ્રી રામ ભગવાનનું જીવન આપણને સમજાવે છે.

રામનવમીની ૩૭મી રથયાત્રામાં મહાનુંભાવો દ્વારા ધર્મ-ધજા આરોહરણ તેમજ શ્રી રામચંદ્ર ભગવાનની આરતી કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીનું સ્વાગત-સન્માન સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

મહેસાણા શહેરની આ ૩૭મી રથયાત્રા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી અને નવી પેઢીને વારસો પ્રદાન કરે છે. આ રથયાત્રા નિહાળવા મોટી સંખ્યામાં લોકો એકત્રીત થાય છે તેમજ રથયાત્રા જે માર્ગમાંથી પસાર થાય ત્યારે રામચંદ્રજીના દર્શન કરવાનો આસ્થાનો સાગર લહેરાતો જોવા મળે છે. રથયાત્રાના કાર્યમાં યુવાનો અને વડીલોનો સહયોગ બિરદાવવા લાયક હોય છે.

# આઠમા થિએટર ઓલમ્પિકને ખુલ્લો મુકતા રાજ્યપાલશ્રી કોહલી

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સંગીત નાટક અકાદમીના સહયોગથી તથા નેશનલ સ્કુલ ઓફ ડ્રામા દ્વારા આયોજીત નાટ્ય યજ્ઞ સમાન આઠમાં થિએટર ઓલમ્પીકને રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

થિએટર ઓલમ્પીકને નાટકોના મહાકુંભ સમાન ગણાવી નાટ્ય જગત સાથે સંકળાયેલા તમામ લોકોને શુભેચ્છા આપતા રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતુ કે, અમદાવાદમાં નાટ્યક્ષેત્રે આ પ્રકારનું આયોજન થવું ઓ સૌના માટે ગર્વની વાત છે. તેમણે "ફ્લેગ ઓફ ફ્રેન્ડશીપ"ની થીમ પર આયોજીત થિએટર ઓલમ્પીકમાં ભાગ લેવા આવનાર દેશ વિદેશના તમામ કલાકારોને દેશના સૌપ્રથમ હેરીટેજ સીટીના મહેમાન બનવા બદલ આવકાર્યા હતા.

રંગમંચને માનવીય સંસ્કૃતિનું દર્પણ ગણાવતા રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, કોઈપણ દેશની સામાજીક પરિસ્થિતિને આપણે નાટકના માધ્યમથી જોઈ શકીએ છીએ. આ પ્રસંગે તેમણે ગુજરાતના લોક નાટ્ય ભવાઈ, પારસી થિએટર તથા પાછલા જમાનાના નાટ્યક્ષેત્રે ઉમદા કાર્ય કરનાર કલા કસબીઓને યાદ કર્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયના મહેસુલ પ્રધાન કૈશિકભાઈ પટેલે રાજ્ય સરકાર વતી દેશ વિદેશથી આવનાર તમામ કલાકારોને આવકાર્યા હતા અને નાટ્યકલાને પ્રોત્સાહન મળી રહે તે ક્ષેત્રમાં વધુ ઉમદા કાર્ય કરવા માટે રાજ્ય સરકાર કટીબધ્ધ હોવાનું જણાવ્યું હતુ.




## લેટ નાઈટ ગ્રુપ આયોજીત જનસેવા એ જ પ્રભુસેવા

મોડાસા શહેરમાં યુવાનો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. રવિવારે મોડાસા શહેરના સતત વાહનો અને રાહદારીઓથી ધમધમતા માલપુર રોડ પર આવેલી આઈટીઆઈ નજીક આવેલા ખાનગી કોમ્પ્લેક્સ પાસે ઠંડા મિનરલ પાણીની પરબનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગ્રુપના કેતુ શાહના જણાવ્યા અનુસાર યુવાનો દ્વારા સેવાકીય પ્રવૃતિઓ દ્વારા જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ બનવું જોઈએ.

# મોડાસા-માલપુર લેઉઆ પાટીદાર સમાજનું ગૌરવ

મોડાસા, તા. ૨૫



માલપુર તાલુકાના રીંછવાડ ગામના અને મોડાસા શહેરના બિલ્ડર અને સામાજિક અગ્રણી અને વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા વિનોદ આર. પટેલની સુપુત્રી ડૉ. પલક પટેલ ગાંધીનગની ગોઈન્કા કોલેજમાં બીડીએસની ફર્સ્ટ ક્લાસ સાથે ડિગ્રી મેળવી નીટની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ હરોળ પ્રાપ્ત કરી સમગ્ર પાટીદાર સમાજનું ગૌરવ વધાર્યુ હતું. રામભાઈ પટેલ, ગીતાબેન પટેલ, ભાવેશ પટેલ (જાલમપુર), મોડાસા-માલપુર લેઉવા પાટીદાર સમાજે ડૉ. પલક પટેલને અભિનંદન પાઠવ્યા હતા.



## અડાલજમાં પોલીસનું ફુટ પેટ્રોલીંગ

રાજયના પોલિસ વડાએ તાજેતરમાં તમામ જિલ્લામાં પોલિસને પોતાના વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરવા સુચના આપી હતી. આ આદેશ અનુસંધાને ગાંધીનગર જિલ્લા પોલિસ વડાની સુચનાથી અડાલજ પોલિસ સ્ટેશનના પી.આઈ. જે.જી. વાઘેલાએ અડાલજ ગામમાં ફુટ પેટ્રોલીંગ કરાવ્યું હતું. અડાલજ પોલિસ સ્ટેશનના પોલિસ કર્મચારીઓએ આજે અડાલજ ગામમાં ફુટ પેટ્રોલીંગ કરીને ગ્રામજનોને સુરક્ષીત અને સલામતિની અનુભુતિ કરાવી હતી.

# પ્રાંતિજના પોગલુમાં સાત દિકરીના પિતાને પાંચ દિકરીઓએ કાંધ આપી

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામે સાત દિકરીના પિતાનું અવસાન થતાં પાંચ દિકરીઓએ કાંધ આપી અગ્નીદાહ દીધો હતો.



પ્રાંતિજના પોગલુ ખાતે પાટીદાર સમાજના વયોવૃધ્ધ પટેલ કોદરભાઈ મગનભાઈ ૯૧ વર્ષની ઉંમરે અવસાન થતાં તેમની અંતિમ ઈચ્છા પ્રમાણે તેમની અંતિમયાત્રા વાજતે ગાજતે ઢોલનગારાં સાથે કાઢવામાં આવી હતી. અંતિમયાત્રા પહેલાં તેવોના ચક્ષુ ઓનુ પણ દાન કરવામાં આવ્યુ. તેવોની સાત દિકરીઓમાંથી બે દિકરીઓનું પહેલાં અવસાન થયું હતું. મૃતકની પાંચ દિકરીઓ આશાબેન, ચંપાબેન, કૈલાસબેન, છાયાબેન, મધુબેન દ્વારા મૃતક પિતાની નનામીને કાંધ આપી અગ્નીદાહ કરી દિકરી-દિકરો એક સમાન એવું પાટીદાર સમાજ તથા અન્ય સમાજને પ્રેરણા બન્યા હતાં તો આ અંતિમયાત્રા ગ્રામજનો તેમના સગાસંબંધીઓ તેમજ અન્ય સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.




ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે શ્રીરામ જન્મોત્સવ નિમિત્તે હિન્દુ યુવા વાહિની (ઉ.ગુ.) ગાંધીનગરથી વાયા ચિલોડા પ્રાંતિજ તરફ જતી હિન્દુ યુવા વાહિની રથનું ચિલોડા ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, રિન્કેશ પટેલ, સંજય ઠાકોર વગેરે યુવાનોએ ફૂલહારથી સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે યુવાઓએ શ્રીરામ મહોત્સવની ઉજવણી નિમિત્તે પૂજા-અર્ચના કરી દર્શનનો લ્હાવો લીધો હતો. ત્યારબાદ હિન્દુ યુવા વાહિની ચિલોડાથી પ્રાંતિજ ખાતે પ્રસ્થાન કર્યુ હતુ.

### સાત એન્કાઉન્ટર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈનામ હતું. આ અથડામણમાં માર્યા ગયેલા શખ્સની પાસેથી એકે ૪૭ રાયફલ અને અન્ય હથિયારો મળી આવ્યા છે. તેની સામે દિલ્હી અને એનસીઆરમાં અનેક હત્યાના કેસો હતા. આજે સવારે આ અથડામણમાં બચી ગયેલા એડીજી પ્રશાંત કુમારે કહ્યું હતું કે, આક્રમક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેના બુલેટપ્રુફ જેકેટમાં પણ ગોળી વાગી હતી. શ્રવણ ચૌધરી ગાઝિયાબાદનો નિવાસી હતો. અન્યત્ર એન્કાઉન્ટરમાં જે કુખ્યાત શખ્સો સામે કાર્યવાહી કરાઈ છે તે પણ હત્યા અને અન્ય કેસોમાં સીધીરીતે સામે રહ્યા છે. ઠાર શખ્સો પાસેથી પિસ્તોલ, કારતુસ અને રોકડ રકમ મળી આવી છે.

### પરિપૂર્ણ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજનીતિમાં ગરીબ અને પછાત લોકોની ભૂમિકાને લઈને આંબેડકરના વિચારોને રજૂ કર્યા હતા. મોદીએ ઉમેર્યું હતું કે, ગરીબ અને પછાત જાતિના લોકો પણ સપના સાકાર કરવા માટે સપના જોઈ શકે છે.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું...

માટે સરકાર પ્રયત્નશીલ છે. નામદાર અદાલતો પણ આક્રમક અને ઝડપી રીતે ન્યાય અપાવે છે પરંતુ કાયદાની ટેકનિકલ ગુંચમાં કેસ ઉલઝાવી ધાર્યું કરવામાં ફરીયાદ પક્ષ હરહંમેશ સફળ થતો રહ્યો છે. પોલીસ સ્ટેશનમાં મહિલાઓ ના અત્યાચારના કેસો સમાધાન કરી સમજાવટથી પતાવટ કરવામાં તપાસ અધિકારીને રસ હોય છે. સત્યની તપાસ, જાત તપાસ તથા સાક્ષીના નિવેદનો અડધાઅધુરા લઈ જયાં ત્યાં કેસોમાં વિનાકારણ પૂરતી તપાસ વગર અધુરી વિગતે ચાર્જશીટ ફાઈલ કરી દેવામાં આવે છે જેમાં આરોપી પક્ષે વિનાકારણ જામીન કોર્ટમાં લેવાની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. અપૂરતી તપાસવાળા કેસોનો ટેકનિકલ લાભ મેળવી સાચા ગુનેગાર છુટી જાય છે અને સાચી વ્યક્તિ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા ખરેખર અત્યાચારનો ભોગ બનેલ હોવા છતાં ન્યાયથી વંચિત રહી માત્ર ભરણપોષણની રકમ મેળવી જ સંતોષ માનવો પડે છે. જેમાં લાંબા ગાળે અન્ય સારૂ પાત્ર મળતા આવા કેસો માંડવાળ કરી સમાધાન કરી જતુ કરવાની ભાવના રૂપે કેસો કોર્ટમાંથી પરત ખેંચી બન્ને પાત્રો અન્ય પાત્રો સાથે સંસાર વસાવી લે છે વિના કારણે વિના મતલબે સાસરી પક્ષના નિર્દોષ વ્યક્તિઓ કોર્ટના ચક્કરમાં પડી સમય અને નાણાની બર્બાદી કરે છે અને કાયદા તથા કાનૂન ઉપર પોલીસ તથા ન્યાયાખાતા ઉપર અવિશ્વાસનું આંળ મુકી ન્યાઈક પ્રક્રિયાને દોષ આપતા રહે છે તેથી ખોટી ફરીયાદના બનાવમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૨, ૧૯૩ તથા ૨૧૧ મુજબ ખોટા કેસો કરવાવાળા ઉપર કાયદાકિય પગલા ભરવા એ ન્યાઈક પ્રક્રિયાની તથા સમયની માંગ છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું...

પ્રશ્ન પૂછવા ઊભા થાય કે આંગળી ઊંચી કરે કે પૉઈન્ટ ઓફ ઓર્ડર પર બોલવાનું શરૂ કરે કે તૂર્ત જ એમને બેસાડી દેવાનું રોજિંદું બન્યું હતું. સામે પક્ષે પ્રશ્નકાળમાં સત્તાપક્ષના પ્રધાનો ટૂંકમાં જવાબ આપવાને બદલે ચૂંટણીલક્ષી ભાષણ કરતા જણાય તો પણ અધ્યક્ષશ્રી એમને રોકતા નહીં હોવાની વિપક્ષ ફરિયાદો વધવા માંડી હતી.

કૉંગ્રેસના સભ્યોને અધ્યક્ષ તરફથી અન્યાય થઈ રહ્યાની લાગણી

રામનવમીના પ્રસંગે દેશવાસીઓને અભિનંદન આપવાની સાથે તેમના નિવેદનની શરૂઆત કરી હતી. આરોગ્યને લઈને પણ વાત કરી હતી. સ્વચ્છ ભારતની વાત કરી હતી. મન કી બાત કાર્યક્રમના ૪૨માં એપિસોડમાં મોદીએ મેક ઈન ઈન્ડિયાની સફળતાને લઈને ઉઠી રહેલા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. તેમણે ઉમેર્યુ હતું કે, ભારત ઔદ્યોગિક સુપરપાવર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ગરીબોને રોજગાર આપવાની દિશામાં ઔદ્યોગિકીકરણની પ્રવાહી ભૂમિકા છે. મેક ઈન ઈન્ડિયા આ દિશામાં કામ કરી રહ્યું છે. મોદીએ પોતાના કાર્યક્રમમાં અહેમદ અલીની ઈચ્છા શક્તિ, અજીત મોહન ચૌધરીની ભાવનાની રજૂઆત કરી હતી. કાનપુરના તબીબ અજીત મોહન ચૌધરીની પટકથાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ડોક્ટર અજીત મોહન મોટાભાગે ફુટપાથ ઉપર જઈને ગરીબ લોકોને મફતમાં દવા આપે છે. તેમની તબીબી ચકાસણી કરે છે. દેશના બંધુત્વની ભાવનાને આના લીધે જોઈ શકાય છે. આવી જ રીતે આસામના કરીમગંજના એક રિક્ષા ચાલકે હોસ્પિટલ બનાવીને અભૂતપૂર્વ કામગીરી અદા કરી છે. સ્વચ્છ ભારત અને સ્વસ્થ ભારત એકબીજાના પ્રયાય છે.

તો હતી જ અને એમાં વિધાનસભાનું ઉપાધ્યક્ષપદ વિપક્ષને આપવાનું નકારાતાં માહોલમાં કટુતા વધતી ચાલી. જોકે, વાત વણસે ત્યારે સંસદીય કાર્ય પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી તથા ઉપનેતા શૈલેશ પરમાર સાથેની બેઠકમાં સમાધાન થતું રહ્યું, પણ રોજેરોજ અધ્યક્ષના આદેશથી વિપક્ષી સભ્યોને ટીંગાટોળી કરીને ગૃહમાંથી બહાર કાઢવાનાં દશ્યો સર્જાતાં હતાં, એ છેવટે મારામારી અને ગાળાગાળી સુધી મામલો વણસ્યો. ગુજરાત વિધાનસભાની કાર્યવાહીનું લોકસભા અને રાજ્યસભાની જેમ જીવંત પ્રસારણ થતું નથી. જે દશ્યો બહાર આવ્યાં એ સંપૂર્ણ ચિત્ર દર્શાવનારાં નથી. ભાજપના સભ્યો થકી ઉશ્કેરણી અને મા-બહેન સામી ગાળો દેવાયા પછી કૉંગ્રેસના સભ્યોએ હાથ ઉપાડ્યો એવી દલીલ વિપક્ષે કરી. જોકે, અધ્યક્ષ ત્રિવેદીએ ગૃહના નિયમ ૫૨ (૨)ની જોગવાઈને અવગણીને બે ધારાસભ્યોને ત્રણ-ત્રણ વર્ષ તથા એકને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાની નાયબ મુખ્ય મંત્રીની દરખાસ્તને માન્ય રાખી, એ યોગ્ય નહીં હોવાનું ભૂતપૂર્વ ભાજપી મુખ્ય પ્રધાન અને ન્યાયાધીશ રહી ચુકેલા સુરેશ મહેતાએ કહ્યું હતું. એમના મત મુજબ, સંબંધિત ધારાસભ્યના મતવિસ્તારના ચાર-ચાર મતદારો એમના ધારાસભ્યને સસ્પેન્ડ કરાયાની વિરુદ્ધમાં વડી અદાલતમાં દાદ માંગી શકે છે. મહેતાએ તો અધ્યક્ષના અધિકારો વિશે પણ સવાલ ઊઠાવ્યો અને કહ્યું કે એ સસ્પેન્ડ ધારાસભ્યને પરિસરમાં આવતા રોકી ના શકે.

સામે પક્ષે સંસદીય કાર્ય પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે અન્ય રાજ્યોની વિધાનસભામાં આવી રીતે વધુ મુદત માટે ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા છે. મહેતાના મત મુજબ, વિધાનસભામાં કૌલ અને શકધરને આધારે ગુજરાતીમાં તૈયાર કરાયેલી નિયામવલિ વધુમાં વધુ 'સત્ર સમાપ્તિ' સુધી જ સસ્પેન્ડ કરવાની જોગવાઈ ધરાવે છે. વિધાનસભાના અધ્યક્ષના વર્તનને એ વખોડે છે.વિધાનસભામાં હજુ ચુડાસમા જેવા પરિપકવ અને ઠરેલ નેતા બેસતા હોવાથી સંસદીય ગરિમા જાળવવા સૌહાર્દપૂર્ણ સમાધાન શક્ય લાગે છે. અન્યથા ગાંધી-સરદારની ભૂમિમાં આવાં વરવાં દશ્યો તમામ ગુજરાતી માટે નીચાજોણાનો જ અનુભવ કરાવે એ સ્વાભાવિક છે.

haridesai@gmail.com

### બોલ સાથે ચેડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેચોની શ્રેણીની અંતિમ ટેસ્ટ મેચમાં ટીમની કેપ્ટનશીપની જવાબદારી ટીમ પેનને સોંપી દેવામાં આવી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. અલબત્ત આ બંને ખેલાડી આજે કેપટાઉનમાં ફિલ્ડિંગ કરવા માટે મેદાનમાં ઉતર્યા હતા પરંતુ ટીમ પેન કેપ્ટનશીપ કરતો નજરે પડ્યો હતો. એટલે કે સ્મિથ અને વોર્નરને તાત્કાલિક ધોરણે પોતાના હોદ્દા છોડી દીધા છે. બોલ સાથે ચેડા કરવાનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ અને ઓસ્ટ્રેલિયન ખેલાડી બોલ સાથે ચેડા કરતા કેમેરામાં કેદ થઈ ગયા બાદ સ્મિથે મિડિયા સમક્ષ આવીને આ બનાવની કબૂલાત કરી હતી. સ્મિથે કહ્યું હતું કે, બોલ સાથે ચેડા થયા છે. આ તેમની ટીમના ગેમ પ્લાનના એક હિસ્સા તરીકે હતો. ટીમના લીડરશીપ ગ્રુપની આમા સંડોવણી ખુલી છે. ટીમની રણનીતિ બનાવનાર ખેલાડીઓની સંડોવણી નિકળી છે જેમાં સ્ટિવ સ્મિત અને ડેવિડ વોર્નરનો સમાવેશ થાય છે. આ બનાવ બન્યા બાદ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને મોટો ફટકો પડ્યો છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન મેલ્કમ ટર્નબુલે આ અંગે દુખ વ્યક્ત કરીને ઘટનાને શરમજનક તરીકે ગણાવી છે. ત્યારબાદથી ઓસ્ટ્રેલિયા અને ઓસ્ટ્રેલિયન સ્પોટ્સ કમિશન દ્વારા મામલાની ગંભીરતાથી નોંધ લીધી હતી. કેપ્ટન તરીકે સ્ટિવ સ્મિથ અને વાઈસ કેપ્ટન તરીકે ડેવિડ વોર્નરને તરત દૂર કરવામાં આવ્યા છે.

### નેટવર્ક પકડાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી છે. આમા પાકિસ્તાનમાં રહેલા લોકો ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના બે લોકોના સંપર્કમાં હતા. તેમને બોગસ પત્રના આધાર પર બેંક ખાતા ખોલવા માટે કહેવામાં આવ્યું હતું. આ સંબંધમાં ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તપાસ હજુ ચાલી રહી છે. એટીએસે કહ્યું છે કે, લશ્કરે તોઈબાના વ્યક્તિ દ્વારા તેમને પાકિસ્તાનથી વારંવાર ફોન કરીને માહિતી આપવામાં આવી રહી હતી કે, કયા ખાતામાં કેટલા રૂપિયા મોકલવાના છે. બેંક ખાતા ખોલવા માટે કેટલાક કમિશનની વાત પણ થઈ હતી. આ લોકોની પાસે મોટી માત્રામાં એટીએમ કાર્ડ, બનાવટી સીમ, પાસબુક, લેપટોપ અને ૪૨ લાખ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. આ પહેલા ગુપ્ત માહિતીના આધાર પર એટીએસની ટુકડીએ લખનૌ, ગોરખપુર અને પ્રતાપગઢમાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડાની કાર્યવાહીમાં હજુ સુધી ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. આ કાર્યવાહી હજુ જારી રહી શકે છે. ઝડપાયેલા તમામની ઓળખ કરી લેવામાં આવી છે.

### મોતના દરવાજે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સતત એકલુ રાજકારણની પાછળ ભાગતો રહેવાવાળો વ્યક્તિ અંદરથી માત્ર ને માત્ર ખોખલો બની જતો હોય છે બરાબર મારી જેમ.

આખી જીંદગી જે સંપત્તિ અને રાજનૈતિક માન-સન્માન કમાયું તે કોઈ દિવસ સાથે નહી લઈ જઈ શકુ. દુનિયાની સૌથી કિંમતી પથારી કઈ છે ખબર છે ? બિમારીની પથારી...

ગાડી ચલાવવા માટે ડ્રાઈવર રાખી શકો છો, પૈસા કમાઈ દેવા માટે મેનેજર રાખી શકો છો. પરંતુ પોતાની બિમારીને સહન કરવા માટે આપડે બીજા કોઈ અન્ય વ્યક્તિને નિયુક્ત કરી શકતા નથી.

ખોવાઈ ગયેલી વસ્તુ મળી શકે છે પરંતુ એક વસ્તુ એવી છે જે એકવાર હાથમાંથી જતી રહે પછી એ કોઈ પણ સંજોગોમાં પાછી મળતી નથી અને એ પોતાનું 'જીવન', 'આયુષ્ય' 'કાળ' અને 'સમય'.

ઓપરેશન ટેબલ પર સુતા વ્યક્તિને એક વાત જરૂર યાદ આવે છે કે તેણે માત્ર એક જ પુસ્તક વાંચવાનું રહી ગયું છે અને એ પુસ્તક છે 'નિરોગી જીવન જીવવાનું પુસ્તક'...

અત્યારે આપ જીવનની કોઈપણ પરિસ્થિતિ ઉપરના કોઈપણ પડાવથી પસાર થઈ રહ્યા છો તો પણ કાળ એક દિવસ એક એવા વળાંક પર લાવીને મુકી દે છે કે સામે નાટકનો અંતિમ ભાગ સ્પષ્ટ દેખાવવા લાગે છે.

પોતાની અવગણના ન કરવી, પોતે જ પોતાનો આદર કરો... બીજાની સાથે પણ પ્રેમપૂર્વક વર્તન કરો.

લોકો મનુષ્યનો ઉપયોગ કરવાનું શીખે છે અને પૈસાને સંભાળવાનુ શીખે છે હકિકતમાં પૈસા, રૂપિયાનો ઉપયોગ કરવાનું શીખવું જોઈએ અને મનુષ્યને સંભાળતા શીખવુ જોઈએ...

આપણા જીવનની શરૂઆત આપણા રડવાથી થાય છે અને જીવનનો અંત બીજાના રડવાથી થાય છે. આ બન્નેની વચ્ચેનો ભાગ એટલે જીવન, જે ભરપૂર હસીને વિતાવું જોઈએ અને એના માટે હંમેશા આનંદીત રહીને બીજાને પણ ને પણ આનંદીત રાખો... આજ છે જીવન...

(આ એક હિન્દી પત્ર પરથી થયેલુ ભાષાંતર છે.)

### સામાન્ય સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં કલોલ અને દહેગામના મંજૂર થઈ આવેલા પ્રા.આ. કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોના રિષ્ટ્રક્ચરીંગનો મુદ્દો મહત્વનો છે અને તે પણ સમાવવામાં આવ્યો છે.

આ રિસ્ટ્રક્ચરીંગમાં દહેગામ શહેરના ત્રણ પેટા કેન્દ્રોને દેવકરણના મુવાડા, બહિયલ અને સાંપા ખાતે તબદીલ કરી આ તાલુકામાં આરોગ્ય સેવાઓને સઘન બનાવવામાં આવશે. આ ઉપરાંત સઈજ પ્રા.આ. કેન્દ્રના પેટા કેન્દ્રોનું પણ રિસ્ટ્રક્ચરીંગ કરવાની દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં વહીવટીય અને નાણાંકીય કાર્યભારણ વધુ દર્શાવાયુ છે. જો કે જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરની પ્રમુખ તરીકેની મુદત પૂર્ણ થવાને આડે આ બેઠક પછી માંડ બે થી ત્રણ માસનો ગાળો રહેતો હોવાથી આ તેમનુ આખરી અંદાજપત્ર હોઈ તેમણે આરોગ્ય અને શિક્ષણ માટે તેમના બજેટમાં વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

આજના તેમના આખરી બજેટમાં તેઓ કન્યાઓ માટે ખાસ મહત્વની જાહેરાત કરે તેવી સંભાવનાઓ છે. આ ઉપરાંત કૃષિ તેમજ આરોગ્ય વિષયક સેવાઓ માટે પણ વધુ નાણાં ફાળવશે તેમ મનાઈ રહ્યું છે. મળતા નિર્દેશ મુજબ જિલ્લામાં ઘટતા જતા સેક્સ રેસિયાને પ્રોત્સાહીત કરવા ઉપરાંત પ્રા.આ. કેન્દ્રોના પ્રસુતિ ગૃહોના આધુનિકરણ માટે ખાસ ગ્રાન્ટ ફાળવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયતની આંગણવાડી કેન્દ્રોમાં પણ ખુટતી કડીઓ પુરી કરવા માટે તે કેટલીક જોગવાઈઓમાં સુધારા કરશે તેવા સંકેતો પણ મળી રહ્યા છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં આવનારા જળસંકટને લઈ કૃષિ વિભાગમાં પણ વધુ નાણાંકીય જોગવાઈઓ કરશે તેવા સંકેતો મળી રહ્યા છે.

રામાજી ઠાકોર તેમનુ આખરી અંદાજપત્ર ૨૩ કરોડ જેટલી પુરાંત દર્શાવતુ રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત તેઓ તેમને સભ્યોએ આપેલા સહકારથી વિકાસના કામોએ જે ગતિ પ્રાપ્ત કરી છે તેનો ઉલ્લેખ કરી સૌના સહકારને બિરદાવશે તેમ મનાઈ રહ્યું છે.